પુણા પો.સ્ટે. હદ્દમાંથી થ્રી વ્હિલ ટેમ્પામાં પ્રતિબંધિત ૧૭ કિલો ૯૦૦ ગ્રામ ગાંજા કિં.રૂ.૧,૭૯,૦૦૦/-ની હેરાફેરી કરતા બે યુવાનોને ઝડપી પાડી કુલ્લે કિ.રૂ.,૩,૪૦,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરતી સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેરમાં શરૂ કરવામાં આવેલ "NO DRUGS IN SURAT CITY" ઝુંબેશ અન્વયે એસ.ઓ.જી.ના PC અજયસિંહ રામદેવસિંહ નાઓને ઓડીશા રાજ્યમાંથી ગે.કા. રીતે ગાંજાનો જથ્થો મંગાવી શહેર વિસ્તારમાં તેનુ વેચાણ કરી રહેલ ઈસમો બાબતે હકીકત મેળવી પુણા રેશમા રો-હાઉસ ચાર રસ્તાથી સિતાનગર ચોકડી તરફ જતા અજમલ પાર્કિંગ પાસે જાહેર રોડ ઉપર વોચ ગોઠવી રોડ ઉપરથી પસાર થતા પિયાગો થ્રી વ્હીલર ટેમ્પો નં.GJ-05-BT 8722ને અટકાવી તેમાં બેસેલ આરોપી (૧) ધમાલ બિરૂ શાહુ ઉ.વ.૨૮ રહે.રૂમ નં.બી-03, બિલ્ડીંગ નં.૨૯ એચ-0૧, કોસાડ આવાસ અમરોલી, સુરત મુળ વતન ગામ નુવાગા થાના ભંજનગર પોસ્ટ ભંજનગર જી.ગંજામ (ઓડીશા) તથા (૨) રામચંદ્ર ઉર્ફે રાજ ઉર્ફે રામ S/O બુઢા મલીક ઉ.વ.૨૨ રહે.ગલી નં.૧૨, અંબાજી મંદિર પાસે ઉત્તકલનગર ઝુપડપટ્ટી કતારગામ, સુરત મુળ વતન ગામ જે.સચિના પોસ્ટ ગોરાદીપુર થાના કોદલા જી.ગંજામ (ઓડીશા) વાળાઓને ઝડપી પાડી તેમની પાસેથી વગર પાસ પરમીટનો પ્રતિબંધિત ગાંજાનો જથ્થો વજન ૧૭.૯૦૦ કિ.ગ્રા.નો મળી આવતા ગાંજો, થ્રી-વ્હિલ ટેમ્પો, મોબાઈલ ફોન મળી કુલ્લે કિં.રૂ.૩,૪૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

મજકુર બન્ને પકડાયેલ આરોપીઓ તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં પુણા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૦૦૪૬૨૧૨૧૭૩/૨૦૨૧ NDPS એક્ટ કલમ ૮(સી), ૨૦(બી)ii (બી),૨૯ મુજબ ગુન્હો રજી. કરવામાં આવેલ છે.

આરોપી નિલુ ઉર્ફે રાહુલ ઉર્ફે રત્નાકરના મુલીયાકરના વિરૂધ્ધમાં દાખલ થયેલ ગુન્હો:-(૧)ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૩૦૧૬૨૧૦૯૩૫/૨૦૨૧ NDPS એક્ટ કલમ ૮(સી), ૨૦(બી)ii (બી),૨૯ મુજબ.